# મીડિયામાં ખોટી માહિતીનું ઘોડાપૂર કેમ આવ્યું છે?

હાલમાં મહિલા અનામત સુધારા બિલ લોકસભામાં પસાર ન થયું અને તેનો દેકારો શાસક પક્ષે તો મચાવ્યો કે મહિલાઓની અનામત આપવા અંગે વિપક્ષ વિરોધમાં રહ્યું. એટલું જ નહીં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કરીને પણ કૉંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષે કેવી રીતે મહિલાઓને સંસદમાં આરક્ષિત બેઠકો ન મળે તે માટે ષડયંત્ર કર્યું છે - તેવી નિવેદનબાજી પણ કરી દીધી. હવે ધીરે ધીરે સ્પષ્ટ થઈ રહ્યું છે કે મહિલાઓ માટે અનામત બિલ તો 2023માં જ પાસ થઈ ચૂક્યું છે. ખરેખર તો મહિલા અનામત સુધારા બિલની આડમાં સરકારે સીમાંકનનું બિલ મૂક્યું હતું. સરકારની દલીલ એવી હતી કે જો સીમાંકન થાય મતલબ કે લોકસભાની બેઠકો વધે તો મહિલાઓના અનામતમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળે. સીમાંકનમાં લોકસભાની બેઠકો 850ની આસપાસ થતી હતી. સરકારનો તર્કનો બીજો અર્થ થાય કે હાલની બેઠકમાં મહિલાઓને અનામત આપીએ તો તેમને યોગ્ય પ્રતિનિધિત્વ મળવાનું નથી. જ્યારે વિપક્ષ મહિલા અનામત બિલના મુદ્દે કોઈ જ વિરોધ નથી તેવું કહેતો રહ્યો અને તેમનો વિરોધ ઝડપથી લાવવામાં આવી રહેલા સીમાંકન મુદ્દે હતો. જો કે આ પૂરી વાતમાં વડા પ્રધાન સહિત શાસક પક્ષે મીડિયામાં સાવ ખોટી વાત ઊભી કરી.







મુખ્ય ધારાનું મીડિયા હોય કે પછી વર્તમાન ખૂબ ગાજી રહેલું સોશિયલ મીડિયા તેમાં હવે સાચ-જૂઠની પરખ કરવી પડકારસમું બન્યું છે. તેમાં જે કંઈ આવે છે તેમાં ખરેખર તથ્ય શું છે તે કળવું એક સમય સુધી તો મુશ્કેલ જ છે. હવે જ્યારે સરકાર ખુદ આ પ્રકારનું જુઠ્ઠાણું ચલાવીને મીડિયાનો ઉપયોગ કરતું હોય ત્યારે તો પ્રજાનો મરો થયો સમજો. આપણો દેશ મીડિયામાં ફેલાતા જુઠ્ઠાણાંને લઈને હવે જોખમી સ્ટેજમાં આવી ચૂક્યો છે. દેશમાં હવે 75 % લોકો પાસે સ્માર્ટ ફોન છે અને તેના પર તેઓ સસ્તા ડેટાના આધારે ખોટી માહિતી માટે જોખમી વર્ગમાં આવી ચૂક્યા છે. ગત વર્ષે આવી એક માહિતી અફવા રૂપે પ્રસરી અને મહારાષ્ટ્રના નાગપુરમાં રમખાણો ફાટી નીકળ્યાં હતાં. મૂળે આખી વાત શરૂ થઈ હતી સોશિયલ મીડિયાની એક પોસ્ટથી. આ પોસ્ટથી મુસ્લિમ સમુદાયમાં એવી અફવા પ્રસરી કે ઈસ્લામ ધર્મ સંબંધિત ચાદર અને કેટલાંક લખાણોને બાળી નાંખવામાં આવ્યાં છે. આને લઈને મુસ્લિમોએ વિરોધ પ્રદર્શન કર્યું અને તેમાં પથ્થરમારો થયો. તે પછી બંને કોમ તરફથી રમખાણોમાં થતું આવ્યું છે તે થયું. મતલબ કે સોશિયલ મીડિયાની એક પોસ્ટ જે ખોટી માહિતી ધરાવતી હોય - તેનાથી બે કોમ વચ્ચે રમખાણો ફાટી નીકળે અને દિવસો સુધી તે રમખાણો ચાલતાં રહે. હાલમાં ધંધૂકામાં જેમ એક ભરવાડ યુવકની હત્યા થઈ અને તેમાં કોમી તંગદિલીમાં પોલીસે સમજણપૂર્વક કામ લીધું એટલે સ્થિતિ રમખાણ સુધી ન પહોંચી. પરંતુ અહીંયા જ ચાર વર્ષ પહેલાં એક ભરવાડ યુવકની વિવાદિત સોશિયલ પોસ્ટથી તે યુવકની હત્યા થઈ હતી અને કોમી માહોલ બગડ્યો હતો. મતલબ કે સોશિયલ મીડિયાની ભૂમિકાની અસર ઝડપ તો છે જ, પણ વ્યાપકેય છે. વિશેષ કરીને જ્યારે તેમાં કોઈ વિવાદિત બાબત આવે ત્યારે. આવા સમયમાં મુખ્યધારાનું મીડિયા જેમ કે, છાપાં અને ટેલિવિઝન ન્યૂઝ જો પોતાની જવાબદારીથી ચૂકે તો માહોલ ઓર વણસે છે.

સોશિયલ મીડિયામાં કે મીડિયામાં જે કંઈ પત્રકારત્વના નામે પીરસાઈ રહ્યું છે તેમાં હવે કામ કરનારાઓએ પાયાની ટ્રેનિંગ લીધી હોતી નથી તેવા પણ દાખલાઓ અસંખ્ય છે અને તેનાથી પણ મુશ્કેલી વધે છે. મીડિયાનું શિક્ષણ આજકાલ આપવું કેટલું મુશ્કેલ થઈ ગયું છે અને તે સમજાવવામાં આજે અચ્છા-અચ્છા નિષ્ણાત થાપ ખાય છે. આ પૂરા વિષય અંગે પ્રોફેસર અને પૂર્વ મીડિયાકર્મી માયા મીરચંદાનીએ પોતાની વાત મૂકી છે. માયા મીરચંદાનીનો આ ઈન્ટરવ્યૂ હાલમાં વિવાદમાં ચાલી રહેલા કુણાલ કામરાના પ્લેટફોર્મ પર જોવા મળશે. આ મુદ્દા વિશે માયા કહે છે કે, ‘‘તેમની પાસે પત્રકારત્વ શીખવા આવતા વિદ્યાર્થીઓને જ્યારે તેઓ પૂછે છે કે તમે ક્યાંથી સમાચાર મેળવો છો? તો તેમનો જવાબ છાપાં કે ટેલિવિઝન ન્યૂઝ નથી હોતો, બલકે તેઓ ટ્વિટર અને વિશેષ કરીને ઈન્સ્ટાગ્રામથી સમાચાર મેળવીએ છીએ તેમ તેઓ કહે છે.’’ આગળ તેઓ સોશિયલ મીડિયા અને મુખ્ય ધારાના મીડિયાનો ભેદ સમજાવતા કહે છે કે, ‘સોશિયલ મીડિયા પર આવતી ઈન્ફોર્મેશન માત્ર ઈન્ફોર્મેશન છે, તે જર્નાલિસ્ટ વ્યૂઝથી ઘડાયેલી ઈન્ફોર્મેશન નથી.’ મતલબ કે સોશિયલ મીડિયામાં જે કંઈ મુકાય છે તેમાં એડિટરનું ફિલ્ટર હોતું નથી.

**સોશિયલ મીડિયા પર આવતી ઇન્ફોર્મેશન માત્ર ઇન્ફોર્મેશન છે, તે જર્નાલિસ્ટ વ્યૂઝથી ઘડાયેલી ઇન્ફોર્મેશન નથી. મતલબ કે સોશિયલ મીડિયામાં જે કંઇ મુકાય છે તેમાં એડિટરનું ફિલ્ટર હોતું નથી**

## પગરવ

★ પ્રશસ્ત પંડ્યા

જો કે ઘણી વાર મુખ્ય ધારાનું મીડિયા કે સોશિયલ મીડિયામાં એક જ પ્રકારનું કન્ટેન્ટ ચાલતું હોય અને તેમાં કોઈ તથ્ય ન હોય તેવું પણ બને. આવું ત્યારે બન્યું હતું જ્યારે પહેલગામમાં આંતકવાદી હૂમલા પછી પાકિસ્તાનમાં આંતકવાદી સ્થાનો પર ભારતે સૈન્ય કાર્યવાહી કરી હતી. રાત્રે સૈન્ય કાર્યવાહી થઈ તે વખતે ચોવીસ કલાક બધા ન્યૂઝ ચેનલોએ એવા ન્યૂઝ ચલાવ્યા હતા કે જાણે સમગ્ર પાકિસ્તાનમાં ભારત વતી સૈન્ય કાર્યવાહી થતી હોય. બીજા દિવસે અનેક અખબારોએ પણ તથ્ય વિનાના સમાચાર પ્રકાશિત કર્યા હતા. ફેક ન્યૂઝને લઈને આપણે ત્યાં ઉદાહરણો જોઈએ તેટલા આપી શકાય. ઘણા કેસમાં તો સાંસદ પણ તેમાં આવી જાય. કોરોના વખતે સાંસદ પ્રજ્ઞાસિંઘ ઠાકુરે એવો જોરશોરથી પ્રચાર કર્યો હતો કે ગોમૂત્ર પીવાથી તેઓને કોરોના થયો નથી.

ફેસબુક, ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ પર અનેક એવા પેજ છે. જેના પર સમયાંતરે રાજકીય ઉદ્દેશથી પોસ્ટ થાય છે. આ પોસ્ટમાં બેશક તથ્ય હોતું નથી અને તે લોકોને ગેરમાર્ગે દોરે છે. આશ્ચર્યની વાત તો એવી છે કે આવી પોસ્ટનો ફેલાવો વ્યાપક રીતે થાય તે માટે તેનું મિકેનિઝમ પણ પેજ સંચાલિત કરનારા ગોઠવી શક્યા છે. સોશિયલ મીડિયામાં સૌથી ડેન્જરસ પ્લેટફોર્મ વૉટ્સઅપ મેસેજિસનું સાબિત થયું છે. વૉટ્સઅપ મેસેજિસ વન ટુ વન લોકો સુધી પહોંચે છે અને તેમાં ફેક્ટ ચેકની તક મળતી નથી. તે જ કારણે વૉટ્સઅપ મેસેજિસની સંખ્યા પર મર્યાદા મૂકવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર કોઈ પોસ્ટ વાયરલ થાય છે તે માટેનો માપદંડ ઘણી વાર આશ્ચર્ય સર્જનારી ખોટી વિગત જ હોય છે. આ માહિતીને વિદેશમાં રહેતા લાખો લોકોએ સાચી માની લીધી અને તે અંગે પૃચ્છા કરવાનું પણ શરૂ કર્યું હતું. આજકાલ પોલિટિકલ એજન્ડા ફેલાવવા માટે વૉટ્સઅપ ગ્રુપનો ઉપયોગ ખૂબ થાય છે. એવું કહેવાય છે કે આજે ભાજપ પાસે સૌથી વધુ વૉટ્સઅપ ગ્રુપ છે. તેની વિગત સ્પંદના સિંઘ નામની અભ્યાસીનાં રિસર્ચ પેપર ‘ધ ફોલ્સ ઈન્ફોર્મેશન ઈકોસિસ્ટમ ઈન ઈન્ડિયા’ માં મળે છે. આ રિસર્ચ પેપરમાં એક વિગત એવી છે કે ભાજપ દ્વારા 2019 પછી સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહેવા માટે નવ લાખ વોલેન્ટિયર્સની ભરતી કરી હતી. આ વોલેન્ટિયર્સની મુખ્ય જવાબદારી ભાજપના સંદેશ પહોંચાડવાનો છે. જો કે હવે પોલિટિકલ એજન્ડા વ્યાપક રીતે પ્રસરે તે રમતમાં કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ સામેલ થઈ ચૂકી છે. તમામ પાર્ટીઓને એવું લાગે છે કે કોઈ પણ રીતે સોશિયલ મીડિયામાં હાજરી દેખાવવી જોઈએ. આ વખતે ગુજરાતમાં થઈ રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તો ભાજપ દ્વારા ટિકિટ આપવા માટે ઉમેદવારો માટે સોશિયલ મીડિયા પર વધુ સબસ્ક્રાઈબર હોવા જોઈએ તેવો માપદંડ પણ રાખ્યો હતો.

ડિજિટિલના કારણે આપણી આસપાસનું વિશ્વ બદલાઈ રહ્યું છે અને તેમાં આવી રહેલી ખોટી ઈન્ફોર્મેશનના ફિલ્ટર છે તેમ છતાં તે પૂરતા નથી. આ કિસ્સામાં સતત સતર્ક રહેવાની જરૂર છે.